# અમદાવાદના મહેરબાન ડેઝીગ્નેટેડ સીટી સેસન્સ જજ સાહેબ સમક્ષ

સેસન્સ કેસ નં. ૧૫૨/૦૨ તથા બીજા

ફરીયાદી :- સરકાર

વિરૂધ્ધ

તહોમતદાર :- કૈલાસ લાલચંદ ધોબી અને બીજા

<u>બાબતેઃ-</u> <u>મહત્વના સાહેદો તપાસવા બાબતે</u>

અમો ભોગ બનનારના એડવોકેટ આપ નામદાર કોર્ટ સમક્ષ આ અરજી રજુ કરી અરજ કરીએ છીએ કે,

(૧) મજકુર કામમાં સીટ દ્વારા તપાસ કરવામાં આવેલ છે અને જે તપાસમાં સીટે બનાવના સ્થળે એફ.એસ.એલની કામગીરી કરનાર મદદનીશ નિયામક શ્રી ગૌરીદત્ત દયાનીધી શર્મા નું તા.૧૩.૩.૨૦૦૯ ના રોજ નિવેદન લીધેલ છે જે સીટે રજુ કરેલ ચાર્જશીટમાં સાહેદ નં. ૨૦૯ થી સામેલ છે. ઉપરોક્ત એફ.એસ.એલ ના અધિકારીએ તેમના નિવેદનમાં જણાવ્યા મુજબ તેઓએ તા.૭.૩.૨૦૦૨ ના રોજ ગુલબર્ગ સોસાયટી ખાતે એફ.એસ.એલની કામગીરી કરેલ છે. તેઓએ તેમના નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ છે કે તેઓને તા. ૧.૩.૨૦૦૨ ના રોજ તેમના નિવાસસ્થાને ટેલીફોન દ્વારા વર્દી આપવામાં આવેલ અને જે અનુસંધાને તેઓએ ૬ દિવસ પછી ૭.૩.૦૨ ના રોજ સ્થળ પરિક્ષણ કરેલ છે. તેઓએ તેમના નિવેદનમાં જણાવેલ છે કે, તા.૨.૩.૦૨ ના રોજ તેઓ સ્થળ વિઝીટ માટે ગયેલ પરંતુ મકાનોમાં આગ લાગવાના કારણે ગરમી પકડાયેલી અને મકાનોમાંથી પ્લાસ્ટરના પોપડા સતત પડતા હોવાથી સ્થળ પરીક્ષણ થઈ શકેલ નહીં.

તેઓએ વધુમાં જણાવેલ છે કે, તા. ૧.૩.૦૨ પછી તેઓને કોઈ વર્ધી કે પ્રાયોરીટી અંગે જાણ કરવામાં આવેલ નથી. અને તા. ૭.૩.૦૨ ના રોજ પણ તેઓએ તેમની જાતે સ્થળ વિઝીટ કરેલ છે અને તેઓએ તા. ૭.૩.૦૨ ના રોજ સ્થળ પરીક્ષણ કરેલ ત્યારે સોસાયટીમાં પડેલ તમામ સરસમાન ખસેડી લેવામાં આવેલો. તેમજ તેઓએ તેમના નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ કે ગંભીર પ્રકારના બનાવ વખતે જે તે સમયે સ્થળ વિઝીટ કરવાની રહે છે. પરંતુ, આ

કિસ્સામાં તપાસ કરનાર અધિકારીએ કોઈ રીપીટ કોલ આપેલ નથી અને જેથી તેઓ સ્થળ ઉપર ગયેલ નથી.

ગુલબર્ગ સોસાયટી ખાતે બનેલ બનાવ અત્યંત ઘાતકી પ્રકારનો અને ખુબ જ ગંભીર પ્રકારનો બનાવ છે. અને બનાવ વખતે લગભગ તમામ પ્રકારના હથિયારો, જવલંનશીલ પદાર્થો જેવા કે, કેરોસીન, પેટ્રોલ, કેમીકલ, એસિડ નો ભરપુર માત્રામાં ઉપયોગ થયેલાનું રેકોર્ડ ઉપર આવેલ હકીકતથી સાબિત થયેલ છે. અને બનાવના સ્થળેથી તાત્કાલિક તમામ પ્રકારના સેમ્પલ લેવા જરૂરી છે કે જેથી બનાવ વખતે વપરાયેલ હથિયારોની સાચી અને ખરી હકીકત જાણી શકાય. પરંતુ, હાલના કેસમાં તેવા કોઈ પ્રકારની કામગીરી કરવાને પ્રાયોરીટી આપેલ નથી અને તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ન આવે તેવી પુરેપુરી તકેદારી રાખેલ છે. અને તેને લગતા મહત્વના સાહેદને પણ તપાસવામાં આવેલ નથી. આ સાહેદને તપાસવાથી તો.દાર કે.જી.એરડા તથા અન્ય પોલીસ અધિકારીઓએ કરેલ ગુનાહીત કૃત્ય અંગેનો મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવી શકે તેમ છે.

આમ, ઉપરોક્ત હકીકત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર લાવવી ખુબ જરૂરી છે જેથી, હાલના આરોપીઓ સામેનો કેસ નિશંક પણે સાબિત કરી શકાય. વળી, એફ.એસ.એલ ના અધિકારીનુ નિવેદન લેવામાં આવેલ છે, જે ચાર્જશીટ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જેથી તેઓની પણ જુબાની નામદાર કોર્ટ રૂબરૂ લેવામાં આવવી જોઈએ.

(૨) મજકુર કામમાં સીટે રજુ કરેલ ચાર્જશીટમાં સાહેદ નં. ૮ અજયપાલ શીવનંદસિંહ ચૌહાણ તથા સાહેદ નં.૯ મહેન્દ્ર રમણલાલ ભાવસાર તરીકે જણાવેલ છે. આ બંને પંચો છે અને તેઓ રૂબરૂ પંચનામાની વિગતે બનાવના દિવસે પોલીસના માણસોએ ટોળાને કાબુમાં લેવા ટીયરગેસ તથા ફાયરીંગ કરેલ અને તે ફાયરીંગના ફુટેલા કાર્ટીસ કબ્જે લેવાનુ પંચનામુ તા. ૨.૩.૨૦૦૨ ના રોજ કરેલ છે. આ પંચનામું તે વખતના તપાસ કરનાર અમલદાર મેઘાણીનગર ફર્સ્ટ પી.આઈ. કે.જી એરડા સાહેબે કરેલ છે. જેઓને સીટે આરોપી તરીકે આ કામમાં અટક કરેલ છે. પંચનામાની હકીકત મુજબ (૧) કે.જી. એરડા સાહેબે તેમની સર્વિસ રિવોલ્વોરમાંથી ૬ રાઉન્ડ ફાયર કરેલ છે. (૨) એન.જે. ભાટી, પી.એસ.આઈ નાઓએ પણ તેમની સર્વિસ રિવોલ્વોરમાંથી ૬ રાઉન્ડ ફાયર કરેલ છે. (૩) પ્રદિપસિંહ શેતાનસિંહ, પો.કો. નાઓએ તેમની સરકારી રાયફલ ૪૧૦ મસ્કેટ માંથી ૮

રાઉન્ડ ફાયરીંગ કરેલ છે. (૪) મોતીભાઈ ડાહ્યાભાઈ પો.કો. નાઓએ તેમની સરકારી રાયફલ ૪૧૦ મસ્કેટ માંથી ૪ રાઉન્ડ ફાયરીંગ કરેલ છે.(૫) વીનુભાઈ હરીભાઈ પો.કો. નાઓએ તેમની સરકારી રાયફલ ૪૧૦ મસ્કેટ માંથી ૪ રાઉન્ડ ફાયરીંગ કરેલ છે. (૬) માવજીભાઈ હકસીભાઈ, એ.એસ.આઈ. એ તેમની સરકારી રાયફલ ૪૧૦ મસ્કેટ માંથી ૧૪ રાઉન્ડ ફાયરીંગ કરેલ છે. (૭) કિસ્મતસીંહ કાળુસીંહ, અનાર્મ પો.કો. તેમની સરકારી રાયફલ ૪૧૦ મસ્કેટ માંથી ૫ રાઉન્ડ ફાયરીંગ કરેલ છે. જેના કાર્ટીસના ખાલી ખોખા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં એકાઉન્ટ રાઈટર હેડ પાસે જમા કરાવેલ છે. પરંતુ, પંચનામા માં જણાવ્યા મુજબ તે તમામ ખાલી ખોખા હાલના કામે કબ્જે લેવામાં આવેલ નથી. જે તો.દાર પી.આઈ. કે.જી. એરડાએ કરેલ ગુનાહિત કૃત્ય સુચવે છે.

સદર પંચનામું પુરાવાની દ્રષ્ટિએ ઘણુ અગત્યનું છે. અને આ પંચનામું રેકર્ડ પર લાવવુ પણ અગત્યનું છે. કારણકે, પોલીસે બનાવના સ્થળે કોઈપણ પ્રકારની અસરકારક કામગીરી કરેલ નથી. તેવો પ્રથમથી જ સાહેદોનો કેસ છે તેમજ જેટલા રાઉન્ડ ગોળીબાર ઘટના સ્થળે બતાવેલ છે તેટલા ગોળીબાર કરવામાં આવેલ નથી. સદર કામમાં પંચો મળી આવેલ નથી. તેવા શેરા આવેલ છે અને તપાસ કરનાર અમલદાર હાલમાં કેસમાં આરોપી બનેલ હોવાથી સદર પંચનામું સીટના આઈ.ઓ દ્વારા અથવા તો પંચનામુ લખનાર રાઈટર કે પોલીસ મારફતે જુબાની લઈ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર લાવી શકાય તેમ છે. જેથી, ઉપરની હકીકત જોતા કાર્ટીસના ખાલી ખોખા શા માટે કબ્જે લેવામાં આવેલ નથી, તેવી કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. જે બાબત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર સત્ય હકીકત ના આવે તેવી કોશીશ કર્યાનું જણાઈ આવે છે. જેથી, સદર પંચનામું ઉપરોક્ત હકીકતે નામદાર કોર્ટના રેકર્ડ ઉપર લાવવા, તેને લગતા સાહેદને તપાસવા જરૂરી છે.

(૩) સબબ અરજ કરવાની કે...

ઉપરોક્ત જણાવેલ હકીકતે તેઓને લગતા ઉપરોક્ત દર્શાવેલ સાહેદોને સમન્સ કાઢી નામદાર કોર્ટમાં હાજર કરી તેઓની જુબાની લેવાનો હુકમ ન્યાયના હિતમાં કરવા મહેરબાની કરશોજી

અમદાવાદ
તારીખ : /૦૩/૨૦૧૧ ----------------------

(એસ.એમ.વોરા)
(વિકટીમ્સના એડવોકેટ)